નાયબ મ્યુનિસિપલ કમિશનરનો આદેશ | મનપાની 'કમિટી' ૪૮ કલાકમાં રિપોર્ટ સોંપશે

# નડિયાદમાં મોત બનીને ઉભેલા જર્જરીત હાઉસિંગ બોર્ડના મકાનો ખાલી કરાવાશે

**જોખમી બાંધકામોના** લાઈટ-ગટર કનેક્શન કાપી નાખવામાં આવશે





(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં આવેલા અત્યંત જર્જરીત અને ભયજનક મકાનો મુદ્દે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોયા વગર, નાયબ મ્યુનિસિપલ કમિશનર દ્વારા આદેશ જારી કરીને જોખમી બાંધકામોની ચકાસણી માટે એક 'જોઈન્ટ ઈન્સ્પેક્શન ટીમ'ની રચના કરવામાં આવી છે. આ સમિતિને માત્ર બે દિવસની અંદર પોતાનો વિગતવાર અહેવાલ રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે, જેના આધારે મકાનો ખાલી કરાવવા અને ડિમોલિશન સુધીની કાર્યવાહી હાથ ધરાશે.

નડિયાદ મહાનગરપાલિકાએ આ કામગીરી માટે જીપીએમસી એક્ટ ૧૯૪૯ ની કલમ ૨૬૪ (૧) નો ઉપયોગ કરીને કાયદાકીય પીઠબળ મેળવ્યું છે. તપાસ સમિતિના રિપોર્ટમાં જે બાંધકામો તત્કાલ તોડી પાડવા પાત્ર જણાશે, તેના લાઈટ અને ગટરના જોડાણો તાત્કાલિક અસરથી કાપી નાખવામાં આવશે. બાદ આ મકાનોને સત્વરે ખાલી કરાવીને સંપૂર્ણપણે તોડી નાખવાની તૈયારી મનપા તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

### કયા કયા વિસ્તારોમાં જોખમ વધુ?

**ક્રિષ્ના ટાઉનશીપ:** ૨ બ્લોકના આશરે ૧૦૦ મકાનો.
**વિશ્વનગર:** ૧૧ બ્લોકમાં ફેલાયેલા ૨૫૦ મકાનો.
**પ્રશાંત કોલોની (મીલ રોડ):** ૬ બ્લોકના ૧૫૦ થી વધુ મકાનો.
**કિડની હોસ્પિટલ પાસે:** ૧ બ્લોકના ૨૦ મકાનો.
**જવાહરનગર હાઉસિંગ બોર્ડ:** ૭ બ્લોકના અંદાજે ૧૦૦ મકાનો.

### તપાસ સમિતિમાં કોનો સમાવેશ?

ટાઉન પ્લાનર એ. ડી. ભોજકના અધ્યક્ષ સ્થાને ટીમમાં વિવિધ નિષ્ણાતો સામેલ છે. જેમાં પરીક્ષિત પટેલ (વહીવટી વિભાગ), દીક્ષિત પટેલ (ફાયર વિભાગ), રાકેશ શર્મા (દબાણ વિભાગ), ભરત ચાવડા (સીટી એન્જીનીયર વિભાગ)નો સમાવેશ થાય છે.

---

બિલ્ડિંગ ગમે ત્યારે ધરાશાયી થવાની ચેતવણી છતાં તંત્ર ઘોર નિદ્રામાં પોઢ્યું

# ઉંડેવાળ તળાવ પરની ઈમારત મુદ્દે મનપા 'પાણી'માં બેસી !

**૧૩ દુકાનોના પાયા** નબળા પડ્યા છતાં જોખમી રીતે કામગીરી ચાલુ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદના ઐતિહાસિક ઉંડેવાળ તળાવ કિનારે આવેલી અડધી સદીથી વધુ જૂની અને અત્યંત જર્જરીત ઈમારત મામલે નડિયાદ મહાનગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. તંત્ર દ્વારા જોખમી દુકાનો ખાલી કરવા માટે અપાયેલું 3 દિવસનું અલ્ટીમેટમ પૂરું થયા છતાં કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. મનપાના અધિકારીઓ જાણે કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

નડિયાદમાં વર્ષ ૧૯૭૦માં નિર્મિત આ ઈમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૩ દુકાનો અને પ્રથમ માળે સ્ટાફ ક્વાટર્સ આવેલા છે. તળાવના પાણીના સતત સંપર્કને કારણે ઈમારતના પાયા નબળા પડી ગયા છે અને સ્ટ્રક્ચરલ ઓડિટ મુજબ બીમ-કોલમના સળિયા પણ પૂરેપૂરા કટાઈ ગયા છે. જોખમને જોતા ફાયર બ્રિગેડે પ્રથમ માળ ખાલી કરાવી દીધો છે, પરંતુ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનોમાં હજુ પણ જોખમી રીતે કામગીરી ચાલુ છે.

આ બાંધકામ વર્ષ 2022થી જોખમી હોવાનું જાણવા છતાં પાલિકા માત્ર નોટિસો ફટકારીને સંતોષ માની રહી છે. તાજેતરમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા 3 દિવસમાં દુકાનો ખાલી કરવાનું અલ્ટીમેટમ અપાયું હતું, જેની મુદત વીતી ગઈ હોવા છતાં પાલિકાના બાબુઓના પેટનું પાણી હલતું નથી. સ્થાનિકોમાં તંત્રની આ ઢીલી નીતિ સામે ભારે રોષ છે, કારણ કે આ જોખમી ઈમારત ગમે ત્યારે નિર્દોષ લોકોના જીવ લઈ શકે છે.

---

# તારાપુરના ગામડાંમાં વીજ ધાંધિયાથી લોકો ત્રાહીમામ

**વીજ લોડના** વિભાજન માટે નવા ટ્રાન્ફોર્મર ઉપલબ્ધ કરાવવા માંગ

(પ્રતિનિધિ) તારાપુર, તા.૨૨

તારાપુર તાલુકાના ૧૪ જેટલા વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી વારંવાર વીજ ધાંધીયાની સ્થિતિ સર્જાય છે. ત્યારે મોરજ જીચકા ખાનપુર ઈન્દ્રણજ સહિતના ૧૪ જેટલા ગામોના મોટાભાગના વિસ્તારોના લોકોને રાહત આપવા વિસ્તારનો વીજ લોડ ઘટાડવા માટે નવા ટ્રાસ્ફોર્મર મુકવા માટે માંગણી વ્યક્ત કરવામાં આવી છે.

તારાપુર તાલુકાના ઘણા બધા વિસ્તારોમાં છેલ્લા એક માસથી વીજ ધાંધીયાથી સ્થાનિક રહીશો વારંવાર ત્રસ્ત થતાં વિજ ગ્રાહકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે પ્રિ-મોન્સુન કામગીરીના નામે વીજ તંત્રએ ખર્ચ નિષ્ફળ નિવડ્યો છે. તારાપુરના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રે વારંવાર વીજ પુરવઠો ખોરવાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. મોટાભાગના તમામ વિસ્તારોમાં અવાર-નવાર રાત્રે વારંવાર વીજ ધાંધીયા સર્જાય છે. જેનાથી હજારો છેલ્લા એક માસથી પારાવાર પરેશાન છે.

વધુ માહિતી મુજબ કોન્ટ્રાક્ટર દ્વારા જરુરીયાત કરતા ઓછા માણસો મુકીને કામ ચાલતું હોવાથી એક સાથે વધુ સ્થળોએ ફરિયાદો આવે તો કામની ગતિ ધીમી હોવાથી ફોલ્ટ દુર થવામાં લાંબો સમય જતો હોવાનું રહીશો જણાવે છે. એક માસથી વીજ તંત્રની બેદરકારીથી લાઈટના ધાંધીયાથી લોકો ત્રસ્ત થયા છે.

---

# ખડોલ(હ)માં કેમિકલ ફેક્ટરી બંધ કરવા સ્થાનિકોએ મોરચો માંડયો

**ઓઇલ ટેન્કમાં** લીકેજ સર્જાતા ભારે અફડાતફડી સાથે હોબાળો થયો



(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૨

આંકલાવના ખડોલ (હ) ગામના રાજનગર વિસ્તારમાં આવેલી જે.જે. કેમિકલ ફેક્ટરી સામે સ્થાનિક રહેવાસીઓએ ગંભીર આક્ષેપો સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ફેક્ટરીના કારણે હવા, પાણી અને ઘોંઘાટનું પ્રદૂષણ વધી રહ્યું છે, જેથી લોકોના સ્વાસ્થ્ય અને પશુપાલન પર વિપરીત અસર પડી રહી છે.

ખડોલ (હ)ના સ્થાનિક લોકોએ જણાવ્યું છે કે, ફેક્ટરીમાંથી નીકળતા કેમિકલયુક્ત ધુમાડા અને પ્રદૂષિત પાણીના કારણે આસપાસના ખેતી પાકોને નુકસાન થઈ રહ્યું છે. સાથે જ ભૂગર્ભ જળ પ્રદૂષિત થવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. ફેક્ટરીની નજીક આંગણવાડી આવેલી હોવાથી નાના બાળકોના સ્વાસ્થ્ય અંગે પણ વાલીઓમાં ચિંતા વ્યાપી છે.

તેમાંય રવિવારે મોડી રાત્રે જે.જે. કેમિકલ ફેક્ટરીમાં આવેલી ઓઈલ ટેન્કમાં લીકેજ સર્જાતા ભારે અફડાતફડી સાથે હોબાળો સર્જાયો હતો. લીકેજની અસર નજીકના રહેણાંક મકાનો સુધી પહોંચતા ભય ફેલાયો હતો. આ ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા અને ફેક્ટરી સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો.

સ્થાનિકોના આક્ષેપ મુજબ ફેક્ટરી 24 કલાક કાર્યરત રહેતી હોવાથી મશીનરીના સતત ઘોંઘાટ અને ધુમાડાના કારણે આસપાસ રહેતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. અગાઉ પણ અનેક વખત પ્રદૂષણ અને સલામતીના મુદ્દે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.

વધુમાં આક્ષેપ કર્યો છે કે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તેમજ સ્થાનિક તંત્રને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે હવે તંત્રની કામગીરી અને સંભવિત મિલીભગત સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

---

# સોજિત્રામાં વાત કરવા મુદ્દે યુવકને ચપ્પાના ઘા ઝીંકયાં

(પ્રતિનિધિ) સોજિત્રા તા.૨૨

સોજિત્રાના ઈસણાવ ગામમાં પિતરાઈ બહેન સાથે વાત કરવાના મુદ્દે બે યુવક વચ્ચે થયેલા ઝઘડામાં એકને ચપ્પાના ઘા ઝીંકતા ગંભીર ઈજા પહોંચી હતી. જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સોજિત્રા પોલીસે ગુનો નોંધ્યો હતો.

સોજિત્રા તાલુકાના ઈસણાવ ગામે રવિવારે સવારે એક લોહિયાળ ઘટના બની હતી. ગામમાં રહેતા હાર્દિક સુરેશભાઈ પરમાર જ્યારે મહેશભાઈ સોમાભાઈ પરમારના ઘરે હાજર હતા, ત્યારે ગામના જ હર્ષ અનિલભાઈ પરમારે ત્યાં આવી હંગામો મચાવ્યો હતો. બાદમાં હર્ષ, હાર્દિક તેની કાકાની દીકરી સાથે ફોન પર કેમ વાત કરે છે ? તે બાબતે ઉશ્કેરાયેલો હતો. આ અદાવતમાં ઉશ્કેરાઈને અપશબ્દ બોલી પોતાની પાસે રહેલા ધારદાર ચપ્પુ વડે હાર્દિક પર જીવલેણ હુમલો કર્યો હતો.

આ હુમલામાં હાર્દિકના પેટ, હાથ પર અને જમણા જડબાના ભાગે ચપ્પુના ઘા ઝીંકતા તેને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં હાર્દિકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ તેની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે કરમસદની શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટના અંગે હાર્દિકના પિતા સુરેશભાઈ ભગુભાઈ પરમારે સોજિત્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ અંગે સોજિત્રા પોલીસે હર્ષ અનિલભાઈ પરમાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કુલપતિના માર્ગદર્શન હેઠળ આસન, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આયુષ મંત્રાલયના પ્રોટોકોલ મુજબ આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયું, જેમાં યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ અને એન.સી.સી. કેડેટ્સ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ પ્રસંગે કુલપતિએ માનવ જીવનમાં યોગનું મહત્વ સમજાવી તેને જીવનશૈલીનો અતૂટ ભાગ બનાવવા સૌને પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમ દ્વારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે યોગવિદ્યાના વૈશ્વિક સંદેશને મૂર્તિમંત કરવામાં આવ્યો હતો.

### બાકરોલ ખાતે સ્પેક કોલેજમાં વિદ્યાર્થીઓ માટે 8 દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો



**આણંદ** | સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ, બાકરોલ ખાતે નવા વિદ્યાર્થીઓને સંસ્થાના નિયમો, સુવિધાઓ અને કાર્યપદ્ધતિથી પરિચિત કરવા આઠ દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાત વાર્તાલાપ, સ્ટાર્ટ-અપ જાગૃતિ, યોગ-ધ્યાન અને વ્યક્તિત્વ વિકાસ જેવા વિવિધ જ્ઞાનવર્ધક સત્રો યોજાયા હતા. વિદ્યાર્થીઓએ ગાંધીનગર સ્થિત NFSU અને અક્ષરધામની શૈક્ષણિક મુલાકાત લઈ વિશેષ અનુભવ મેળવ્યો હતો. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટીઓએ આ સફળ આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની પીએમ પટેલ કોલેજ કેમ્પસમાં 'વિશ્વ યોગ દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ



**આણંદ** | પીએમ પટેલ કોલેજ કેમ્પસ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ વિવિધ યોગાસનો અને પ્રાણાયામ કર્યાં હતાં. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યોગના મહત્વને સમજાવી સૌને નિરોગી જીવનશૈલી અપનાવવા માટેનો હતો. સમગ્ર કેમ્પસમાં આ ઉજવણીને લઈ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ અવસરે એપીએમએસના પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), વાઈસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ, એડમીન વિભાગના ડો. યુગ્માબેન પટેલએ યોગ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

### નડિયાદના શ્રી સંતરામ મંદિરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી



**નડિયાદ** | નડિયાદ સ્થિત સંતરામ મંદિર સંચાલિત બાલ સંસ્કાર સત્સંગ સભામાં પૂજ્ય રામદાસજી મહારાજની પ્રેરણાથી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષકો દ્વારા યોગ-ધ્યાનનું મહત્વ સમજાવી બાળકો અને ભક્તોને વિવિધ આસનો તેમજ ધ્યાનનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. જેમાં કલ્પનાબેન ત્રિવેદી, હેતલબેન પટેલ અને વિપુલભાઈ બ્રહ્મભટ્ટ જેવા તજજ્ઞોએ માર્ગદર્શન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મોટી સંખ્યામાં બાળકો અને ભાવિકોએ આ આયોજનમાં જોડાઈને સંતરામ મહારાજના આશીર્વાદ અને રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

### નડિયાદના વૈધનો કૂવો પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી



**નડિયાદ** | સલુણ સ્થિત પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને સૂર્ય નમસ્કાર કર્યા હતા. શિક્ષક રાજેન્દ્રસિંહ ચૌહાણે બાળકોને યોગની વિવિધ મુદ્રાઓ અને તેની અસરો વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય સંજય વાઘેલાએ યોગને માત્ર એક દિવસનો ઉત્સવ નહીં, પણ કાયમી જીવનશૈલી બનાવવાની પ્રેરણા આપી હતી.

### મહીસાગર જિલ્લામાં 'યોગ ફોર હેલ્ધી એજિંગ' થીમ સાથે યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ



**લુણાવાડા** | લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજ્યસભા સાંસદ ડો. જસવંતસિંહ પરમારની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના યોગ દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદે વરિષ્ઠ નાગરિકોના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય માટે 'હેલ્ધી એજિંગ'ના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. કલેક્ટર અર્પિત સાગર, ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનોએ વિવિધ યોગાસનો અને પ્રાણાયામ કરી 'સ્વસ્થ ભારત'નો સંદેશ ગુંજતો કર્યો હતો. આ કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓએ નિયમિત યોગાભ્યાસ દ્વારા નિરોગી જીવન જીવવાનો સંકલ્પ લઈ 'ફિટ ઇન્ડિયા'ના અભિયાનને વધુ મજબૂત બનાવ્યું હતું.

### વસોમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા



વસો | વસો ખાતે મામલતદાર અને ટીડીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. યોગ પ્રશિક્ષક રશ્મિબેન મિસ્ત્રી અને તેમની ટીમ દ્વારા વિવિધ આસનો કરાવી તેના શારીરિક અને માનસિક લાભો વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી. આ કાર્યક્રમમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયત અને પોલીસ સ્ટાફના તમામ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સ્વસ્થ જીવનશૈલી માટે યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા સૌ નાગરિકોને અપીલ કરી હતી.

### વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ભવ્ય ઉજવણી



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ઇફ્કોવાલ ઓડિટોરિયમ ખાતે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહભેર અને ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. કુલપતિ પ્રો. નિરંજન પટેલ, રજીસ્ટ્રાર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સામૂહિક રીતે વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા સ્વાસ્થ્યનો સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે કુલપતિશ્રીએ ડિજિટલ યુગમાં માનસિક તણાવ મુક્ત રહેવા અને સકારાત્મક ઊર્જા મેળવવા માટે યોગને જીવનશૈલીનો ભાગ બનાવવા પર ભાર મૂક્યો હતો. યુનિવર્સિટીના સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓના સહયોગથી આયોજિત આ કાર્યક્રમ અત્યંત શિસ્તબદ્ધ અને પ્રેરણાદાયી રીતે સંપન્ન થયો હતો.

### મહીસાગર જિલ્લાની અદાલતોમાં વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



**સંતરામપુર** | સંતરામપુર કોર્ટ ખાતે પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ મેમણની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ હતી. આ પ્રસંગે જજ મેમણે સારા સ્વાસ્થ્ય માટે યોગના મહત્વ વિશે સમજ આપી દરેકને યોગ કરવા પર ભાર મૂક્યો હતો. વકીલ ધીરેન જોષી દ્વારા વિવિધ પ્રકારના આસનો અને કસરતો કરાવીને ઉપસ્થિત સૌને યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વકીલ મંડળના પ્રમુખ બી. પી. પરમાર, રજીસ્ટ્રાર અને મોટી સંખ્યામાં વકીલો તથા કોર્ટ સ્ટાફ જોડાયા હતાં.

### મહીસાગર જિલ્લાના દરેક તાલુકામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ



**લુણાવાડા** | મહીસાગર જિલ્લા વહીવટી તંત્રના આયોજન હેઠળ તમામ તાલુકા મથકોએ વહેલી સવારથી જ યોગ શિબિરોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં પદાધિકારીઓ, અધિકારીઓ અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનોએ જોડાઈ 'કરો યોગ, રહો નિરોગ'નો નાદ ગુંજાવ્યો હતો. મહાનુભાવોએ સ્વસ્થ અને તણાવમુક્ત જીવન માટે યોગને દિનચર્યાનો અવિભાજ્ય અંગ બનાવવાનો પ્રેરણાદાયક સંદેશ આપ્યો હતો. નાના ભૂલકાઓથી લઈ વયોવૃદ્ધોની ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### પેટલાદના સિંહોલમાં મંત્રી કમલેશભાઇ પટેલના હસ્તે કેડીસીસી બેંકના નવા એટીએમનું લોકાર્પણ



**પેટલાદ** | પેટલાદના સીંહોલ ગામે રાજ્ય મંત્રી કમલેશભાઇ પટેલ અને ચેરમેન તેજસકુમાર પટેલના હસ્તે કેડીસીસી બેંકના નવા ATMનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંક દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦થી વધુ હાઈટેક ATM શરૂ કરવાની અને ગ્રાહકોને ૨૪x૭ ઘરઆંગણે નાણાકીય સુવિધા પૂરી પાડવાની જાહેરાત કરાઈ હતી. આગામી સમયમાં બેંક AePS અને નેટ બેન્કિંગ જેવી ડિજિટલ સેવાઓ પણ શરૂ કરશે, જે 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને વેગ આપશે. આ સુવિધાથી સીંહોલ અને આસપાસના ગ્રામજનો માટે આધુનિક બેન્કિંગ સેવાઓ વધુ સરળ અને ઝડપી બનશે.